## કાર એસેસરીઝવાળાઓને ડાર્ક ફિલ્મ ન લગાવવા ટ્રાફિક પોલીસની સૂચના

ગાંધીનગર, તા. ૨૪

વાહનોમાં ડાર્ક ફિલ્મ લગાવવાના મામલે પ્રતિબંધ ફરમાવાયા બાદ રાજ્યમાં ટ્રાફિક પોલીસતંત્રએ પણ આ મામલે દંડનાત્મક કાર્યવાહી હાથ ધરી છે. ગાંધીનગર જિલ્લામાં પણ ડાર્ક ફિલ્મને અનુલક્ષી પોલીસે દંડ વસુલી ઝુંબેશ હાથ ધરી છે. આ દરમિયાન ટ્રાફિક પોલીસે શહેરના કાર એસસરીઝવાળાને પણ નવી ગાડીઓમાં ડાર્ક ફિલ્મ ન લગાવવા સૂચના જારી કરી છે.

માર્ગ પર દોડતી વૈભવી કાર્સ પર ચિપકાવાયેલી ડાર્ક ફિલ્મ દૂર કરવાના નિયમનું વિવિધ જિલ્લાઓમાં અમલીકરણ કરવામાં આવી રહ્યું છે. કારના કાચ પર લગાવાયેલી ડાર્ક ફિલ્મને હટાવવા ટ્રાફિક પોલીસ દ્વારા તગડી દંડ વસુલી કરવામાં આવી રહી છે. ગાંધીનગર જિલ્લામાં પણ ગત સપ્તાહ દરમિયાન ટ્રાફિક તંત્રએ ૧ હજાર જેટલા વાહનોમાંથી ડાર્ક ફિલ્મ દૂર કરી દંડની વસુલાત કરી હોવાનું ધ્યાને આવ્યું છે. જ્યારે આ મામલે ટ્રાફિક પોલીસની કામગીરી અસરકારક અને સરળ બને તેમજ નિયમનું ચુસ્ત પાલન થાય તેવા આશયથી ટ્રાફિક તંત્ર દ્વારા શહેરના કાર એસેસરીઝવાળાને પણ જરૂરી સૂચના આપવામાં આવી છે. ટ્રાફિક પોલીસ ઈન્સ્પેક્ટર વાય.આર. ગામીતે શહેરના કાર એસેસરીઝના દુકાન માલિકોને નવી ગાડીઓમાં ડાર્દ ફિલ્મ ન લગાવવા સૂચના આપી છે. માત્ર આર.ટી.ઓ. માન્ય ફિલ્મ લગાવવા જ પરવાનગી આપી છે.

# જિલ્લામાં સપ્તાહ દરમિયાન સ્નેક બાઈટના સાત બનાવ

## આજે પણ ત્રણ વ્યક્તિ સર્પદંશનો ભોગ બની એક યુવાનનું મોત : અન્ય બે સારવાર હેઠળ

ગાંધીનગર, તા. ૨૪

ચોમાસા દરમ્યાન ભેજવાળા વાતાવરણમાં ખૂણે-ખાંચરે સર્પ દેખા દેતા હોવાના કિસ્સાઓ પ્રકાશમાં આવી રહ્યા છે. જિલ્લામાં છેલ્લા એક સપ્તાહ દરમિયાન સર્પ દંશના સાત બનાવો ધ્યાને આવ્યા છે. આજે પણ સર્પદંશના ભોગ બનેલ ત્રણ વ્યક્તિઓને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ પૈકી ડભોડાના એક યુવાનનું મોત નિપજ્યું હતું.

ચોમાસામાં ભેજવાળા વાતાવરણ દરમિયાન મોટાભાગના સાપ ખોરાકની શોધમાં બહાર આવતા હોવાથી સર્પ દેખા દેતા હોવાની ફરિયાદો વ્યાપક બની છે. જિલ્લામાં સામાન્ય રીતે દેખાતા સાપોમાં નાગ, ખડચિતરો તેમજ કાળોતરા જેવા ઝેરી સર્પોનું પ્રમાણ વિશેષ હોવાનું તજજ્ઞો જણાવી રહ્યા છે. ગાંધીનગર જિલ્લામાં છેલ્લા એક અઠવાડિયામાં સર્પ દંશના સાત જેટલા બનાવો પ્રકાશમાં આવ્યા છે. જ્યારે આજે પણ જિલ્લામાં બે અને શહેરમાં એક જગ્યાએ સર્પદંશનો કિસ્સો ધ્યાને આવ્યો છે. સે. ૨૫માં પાઠ્યપુસ્તક મંડળના ગોડાઉનમાં કામ કરતા ૨૬ વર્ષીય કવિતાબેન જીવાભાઈ ભુરિયાને આજે જમણા હાથે સાપે દંશ મારતા તેમને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાયા હતા.

આ ઉપરાંત ફતેપુરામાં પણ રમેશભાઈ નારણભાઈ પટેલને પોતાના ઘરઆંગણે સાપે ડંખ મારતા તેમની તબિયત લથડી હતી. જ્યારે ડભોડામાં ખેતરમાં પાણી વાળતા ૨૨ વર્ષીય યુવાન જગત જીવાભાઈ ચૌહાણને પણ સાપે દંશ મારતા તેનું મોત નિપજ્યું હોવાનું ધ્યાને આવ્યું છે. જિલ્લામાં સ્નેકબાઈટના બનાવો વધતા પ્રકૃતિપ્રેમી ચૈતન્ય નિમાવતે આ અંગે માહિતી આપતા જણાવ્યું છે કે ભેજવાળા હાલના સમયમાં સાપ ખોરાકની શોધમાં બહાર આવે છે ત્યારબાદ ઠંડીના દિવસો શરૂ થાય ત્યારે શીતનિંદ્રામાં જાય છે. સામાન્ય રીતે સાપ છંછેડાય અથવા સ્વબચાવમાં જ બાઈટ કરે છે. આમ છતા સર્પદંશ બાદ તુરંત દંશની જગ્યાએથી ચારપાંચ આંગળી ઉપર કપડાંની પટ્ટી બાંધવી જોઈએ. જ્યારે ખેતરમાં પાણી વાળતા ખેડૂતોએ પણ લાકડી અને ટોર્ચ સાથે રાખીને જ કામ કરવું જોઈએ.




## ગાંધીનગરમાં યુવક કોંગ્રેસ દ્વારા રાજધાની રત્ન સન્માન સમારંભ યોજાયો

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર ઉત્તર વિધાનસભા યુવક કોંગ્રેસ અને એન.એસ.યુ.આઈ. દ્વારા સેક્ટર-૧૭ ટાઉનહોલ ખાતે વિવિધ ક્ષેત્રોમાં વિશિષ્ટ સિદ્ધિ હાંસલ કરનારા ૧૮૦ યુવક-યુવતીઓને રાજધાની રત્નથી સન્માનિત કરવામાં આવ્યા હતા. જેમાં યુવક કોંગ્રેસ અને એન.એસ.યુ.આઈ.ના આમંત્રિતો દ્વારા ટ્રોફી અને સન્માનપત્રો દ્વારા પ્રોત્સાહિત કરી તેમની ઉજ્જવળ કારકિર્દી માટે શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

આ રાજધાની રત્ન સન્માન સમારંભમાં મુખ્ય મહેમાન પદે મેયર મહેન્દ્રસિંહ રાણા, ડૉ. સી. જે. ચાવડા, પૂર્વ યુવક કોંગ્રેસ પ્રમુખ ઈન્દ્રવિજયસિંહ ગોહિલ, નિશિત વ્યાસ, અજીતસિંહ વાઘેલા, હરિભાઈ ચૌધરી, ગુલાબસિંહ રાજપુત, ડૉ. હિમાંશુ પટેલ, શહેર કોંગ્રેસ પ્રમુખ મુકેશભાઈ પટેલ વગેરે ઉપસ્થિત રહ્યા હતા અને ગાંધીનગર શહેર તથા ગ્રામ્ય વિસ્તારમાં રહેતા તેમજ વિવિધ ક્ષેત્રોમાં વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરી હોય તેવા વિદ્યાર્થીઓ અને યુવાનોને પ્રમાણપત્રો-મોમેન્ટો આપી સન્માનિત કર્યા હતા.તેમજ જીવનમાં ઉત્તરોત્તર પ્રગતિ કરી ઉજ્જવળ કારકિર્દી માટે યુવાનોને શુભેચ્છાઓ પાઠવી હતી. આ પ્રસંગે ગાંધીનગર ઉત્તર વિધાનસભાના પ્રમુખ ભાવેશ દેસાઈ, જીતુ રાયકા, જય દિપસિંહ ઠાકોર, અંકિત બારોટ, જયદિપ સાધુ વગેરે હાજર રહ્યા હતા અને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## ચ-માર્ગ પર મોડી રાત્રે અજાણ્યા વાહનની ટક્કરે શ્રમજીવીનું મોત

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર શહેરના મુખ્ય માર્ગો પૈકીના ચ-માર્ગપર ગુલાબ ઉદ્યાનની પાસે ગતરોજ મોડી રાત્રેઅજાણ્યા વાહનચાલકે એક રાહદારીનેટક્કર મારતા અકસ્માત સર્જાયો હતો. જેમાં સારવાર દરમિયાન રાહદારીનું કરૂણ મોત નિપજ્યું હતું આ અંગે સેક્ટર-૨૧ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી મુજબ ગાંધીનગરના ચ-માર્ગ પર ગુલાબઉદ્યાન પાસે ગત મોડી રાત્રે ૧૦.૩૦ કલાકે શ્રમજીવી ભીમાજી રણછોડભાઈ મકવાણા ઉં.વ. ૪૦ (હાલ રહે સે. ૧૧, એલ.આઈ.સી. પાસેના છાપરા અને મુળ વતન વિરેશ્વર ગામ તા. વિજયનગર જિલ્લો સાબરકાંઠા) પસાર થઈ રહ્યો હતો તે દરમિયાન માર્ગ પરથી પસાર થયેલા એક અજાણ્યા વાહનચાલકે પોતાની પાસેના વાહનથી ટક્કર મારી નાસી છૂટ્યો હતો. આ ટક્કર વાગતા શ્રમજીવીને ગંભીર ઈજાઓ પહોંચતા તેને ૧૦૮ મારફતે ગાંધીનગર સિવિલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં આજે સવારે તેનું સારવાર દરમિયાન મોત નિપજ્યુ હતુ. આ અંગે સેક્ટર-૨૧ પોલીસે અજાણ્યા વાહનચાલક વિરૂદ્ધ ગુનો નોંધી તેની શોધખોળ હાથ ધરી છે.

## સેક્ટર-૬ સંઘર્ષ સમિતિ રસ્તા પર ઉતરી આવવાનાં એંધાણ

ગાંધીનગર, તા. ૨૪

સેક્ટર-૬ સંઘર્ષસમિતિનાંપ્રમુખ કિશન બ્રહ્મભટ્ટ અને વસાહતીઓની છેલ્લા કેટલાય સમયથી ઝૂંપડાવાસીઓને તથા તેના નામ ફેલાવવામાં આવતાં દૂષણોનેહટાવવા દરેક જગ્યાએ રજૂઆત કરી પરંતુમિલીભગતના કારણે કોઈ દબાણના કારણે કોઈનુંપેટનુંપાણી ખસતુંહલતુંનથી. ઝૂંપડાવાસીઓજુગાર રમતાંઝડપાયા. આમ છતાં તંત્ર કોઈ જ કાર્યવાહી કરતું નથી. વસાહતીઓ કાબૂ ગુમાવશેતેદિવસેરસ્તા પર ઉમટી પડશે. અને મોહં નિર્ણાયક આંદોલન થશે. તેમ જણાય રહ્યું છે, તે અગાઉ દબાણ હટાવનારાઓએ સક્રિય કામગીરી કરવાની જરૂરીયાત છે.

## દુષ્કાળમાં ગૌ શાળાઓને સહાયરૂપ બનવા ઉનાવામાં ૨૬મીએ બેઠક

ગાંધીનગર, તા. ૨૪

રાજ્યમાં આંશિક દુષ્કાળનો ભય રાજ્યના અમુક જિલ્લામાં છે. તે અન્વયે જામનગર જિલ્લાના જામ ખંભાળીયા તાલુકાના હર્ષદપુર ખાતે આવેલ જીવદયા માટે દ્વારકાધીશ આશ્રમ ખાતે વર્ષોથી આ વિસ્તારની આજુબાજુના ગામોની અપંગ અને નિઃસહાય ગામોના આશ્રમમાં રાખી અને સેવા કરવામાં આવે છે. ચાલુ વર્ષે આ વિસ્તારમાંદુષ્કાળનો ભય છે. આજ કારણે આશ્રમમાં ગાયોની સંખ્યામાં દિવસે ને દિવસે વધારો થાય છે. ધ્યાન ઉપર લઈ અને સહાય અને મદદરૂપ થવાના ઉમદા આશયથી ઉનાવા-અંબાજી પદયાત્રા સંઘ દ્વારા એક બેઠકનું આયોજન ૨૬ ઓગષ્ટને રવિવારે સવારે ૯.૩૦ કલાકે રાખેલ છે.

ઉનાવા-અંબાજી પદયાત્રા સંઘ દ્વારા માનવલક્ષી અને સદાય આવી પરિસ્થિતિમાં પહોંચી વળવા માટે વિવિધ કાર્યક્રમો યોજી અને સમાજને મદદરૂપ થયા છે. તેમના કાર્યોમાં ઉનાવાથી અંબાજી સંઘનું સફળ આયોજન, શૈક્ષણિક સંસ્થાઓને મદદરૂપ થવુ, રક્તદાન કેમ્પ, પૂર હોનારતમાં રાહતના કામો, અંબાજી મંદિર ખાતે અંબાજી સેવા સદન નામે ધર્મશાળા જે ટોકન ચાર્જ લઈ રહેવા આપવામાં આવે છે. અંબાજી સંઘ પૂરો થયા બાદ પાંચ દિવસ પછી ગબ્બર સફાઈ કરી પર્યાવરણને બચાવવાની ઝુંબેશ ખેરાલુ ખાતે અંબાવન બનાવી પ્રકૃતિ અને પર્યાવરણ સુધારવાની પહેલ આવી વિવિધ સેવા કામો કરી સંસ્થા હર હંમેશ સમાજ અને માનવતાવાદી કામો કરતી આવી છે. અને આ દુષ્કાળ જેવી પરિસ્થિતિને પહોંચી વળવા ઉનાવા, વિદ્યાર્થીઆશ્રમ ખાતે એક બેઠકનું આયોજન કરેલ છે.

ઉનાવા ગામના વતની જશુભાઈ પટેલ વિદ્યાર્થીશ્રામ ઉપપ્રમુખ તથા અશોકભાઈ સી. પટેલ, સરદાર પટેલ, સેવા સમાજના પ્રમુખ છે. ગાંધીનગર શહેરમાંથી વ્યાપારી અગ્રણી નિશિત વ્યાસ જેઓ ગુજરાત પ્રદેશ મહામંત્રી કોંગ્રેસ તેઓ ખાસ ઉપસ્થિત રહેશે.

## ગાંધીનગર તાલુકાના વિવિધ ગામોમાં ૫૭ લાખ ૯૫ હજારના વિવિધ વિકાસ કામોનું લોકાર્પણ કરાયું




ગાંધીનગર, તા. ૨૪

વણથંભી વિકાસ યાત્રા - ૨૦૧૨ના બીજા દિવસે ગાંધીનગર તાલુકાના રાંધેજા,ઉનાવા, સરઢવ, રૂપાલ અને ઉવારસદ તાલુકાની સીટમાં સમાવિષ્ટ ગામોમાં ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ રાજય મંત્રી શ્રી સૌરભભાઈ પટેલના હસ્તે રૂપિયા ૫૭ લાખ ૯૫ હજારના વિવિધ વિકાસ કામોનું લોકાર્પણ-ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. જેમાં રૂપિયા ૭ લાખ ૭૩ હજારના ૫ વિકાસ કામોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. રૂપિયા ૫૦ લાખ ૨૨ હજારના વિવિધ વિકાસ કામોનું ખાતમૂહૂર્ત કરવામાં આવ્યું હતું. પંચાયતી રાજ સ્થાપનાની સ્વર્ણિમ વર્ષની ઉજવણી નિમિત્તે ત્રિસ્તરીય પંચાયતીરાજ સંસ્થાઓના ચુંટાયેલા પૂર્વ -તિનિધિઓનું મંત્રીશ્રીના હસ્તે શાલ અને -માણપત્ર દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

આ -સંગે ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ રાજય મંત્રી શ્રી સૌરભભાઈ પટેલે જણાવ્યું હતું કે, ગુજરાત રાજયની -ગતિમાં ત્રિસ્તરીય પંચાયતી રાજનો અમૂલ્ય ફાળો રહયો છે.પંચાયતની રાજની સ્થાપનાના સ્વર્ણિમ વર્ષની ઉજવણી સમગ્ર રાજયમાં મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની -રણાથી થઈ રહી છે. આ નિમિત્તે ૫૦ વર્ષમાં પોતાના ગામ, તાલુકા અને જિલ્લાનો વિકાસ કરવા યોગદાન આપનાર વ્યકિતઓનું સન્માન કરવામાં આવી રહ્યું છે.

આ -સંગે ગાંધીનગરના ધારાસભ્ય શ્રી શંભુજી ઠાકોર, સમાજ કલ્યાણ વેલફેર બોર્ડના ચેરમેન શ્રી હેમલત્તાબેન બારોટ, જિલ્લા કલેકટર શ્રી પી. સ્વરૂપ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી એમ.એ.ગાંધી, ગાંધીનગર તાલુકા પંચાયતના -મુખ શ્રી પોપટભાઈ પટેલ, ગાંધીનગર મામલતદાર શ્રી એમ.એસ.પંચાલ, તાલુકા વિકાસ અધિકારી શ્રી જયેશભાઈ તુવેર, ગાંધીનગર તાલુકા ભાજપના -મુખ શ્રી શૈલેષભાઈ પટેલ, રાંધેજા એપીએમસીના ચેરમેન શ્રી રસિકભાઈ પટેલ, ગામના સરપંચ શ્રી શોભનાબેન પટેલ સહિત ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયાં હતાં.

## સેક્ટર-૨૬ ગ્રીનસીટી ખાતે આજે સુંદરકાંડના પાઠ યોજાશે

ગાંધીનગરના યુવા કથાકાર શ્રી ભારતીબાપુની વ્યાસપીઠે તેમજ દિપકભાઈ મહેતાના યજમાન પદે સુંદરકાંડના પાઠનુંઆયોજન ૨૫મીએ સાંજે ૫ કલાકે સેક્ટર-૨૬ ગ્રીનસીટી ખાતે તેમજ સાંજે ૮.૩૦ કલાકે શ્રી સાંઈધામ હનુમાનજી મંદિરની બાજુમાં સેક્ટર-૨૬ ગ્રીનસીટી ખાતે યોજાશે.

## સરખેજ ભારતીબાપુ આશ્રમ ખાતે શિવ મહાપુરાણ કથા યોજાશે

ગાંધીનગર, તા. ૨૪

અમદાવાદના સરખેજ સ્થિત શ્રી ભારતી આશ્રમ ખાતે અધિક પુરષોત્તમ માસના પવિત્ર દિવસોમાં ભવ્ય શિવ મહાપુરાણ કથાનું આયોજન કરવામાં આવ્યું છે.

સરખેજના ભારતી આશ્રમ આયોજીત શિવમહાપુરાણ કથા તા. ૧ થી ૧૫ સપ્ટેમ્બર-૨૦૧૨ દરમિયાન દરરોજ બપોરે ૨.૩૦ થી ૫.૩૦ સુધી ચાલશે. કથાનું સંપૂર્ણ આયોજન શ્રી કલ્યાણાનંદ ભારતી બાપુ અને શ્રી પૂર્ણાનંદભારતી બાપુ સંભાળશે. જ્યારે કથાકાર તરીકે ગાંધીનગરનાયુવા કથાકાર શ્રી સંજયભારતી બાપુ પોતાની આગવી શૈલીમાં શિવકથાનું ગાન સર્વે ભક્તોને કરાવશે. આ શિવકથામાં સંતો, મહંતો, અગ્રણી મહેમાનો તેમજ શિવભક્તો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેશે.

## સેક્ટર-૨૧ શ્રીજીની હવેલી ખાતે ૩૦મીથી શ્રીકૃષ્ણાશ્રય ગુણગાન કથા મહોત્સવ

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર વૈષ્ણવ સમાજ અને વલ્લભ મેમોરીયલ ટ્રસ્ટ અમદાવાદના ઉપક્રમે પુરૂષોત્તમ માસ શ્રી મહાપ્રભુજીના વંશજ અને યુવાચાર્ય પ.પૂ.ગો.શ્રી. ૧૦૮ કુંરેશકુમારજી મહાદેવશ્રીના સ્વમુખે સંગીતમય શૈલીમાં તા. ૩૦ થી તા.૨જી સપ્ટેમ્બર સુધી શ્રી કૃષ્ણાશ્રય ગુનગાન કથા મહોત્સવનું આયોજન હવેલી મંદિર સેકટર-૧૧, બપોરે ૩ થી ૬ કલાક રાખવામાં આવેલ છે. આ સમય દરમિયાન વિવિધ મનોરથોનું આયોજન કરેલ છે.

તા. ૩૦ મી ઓગષ્ટના બપોરે ડાહીબેન કાન્તીભાઈ પટેલ, પ્લોટ નં૩૫૧/૧, સેકટર-૨૦માંથી શોભાયાત્રા બપોરે એક વાગે નીકળશે. વચનામૃત તથા નંદમહોત્સવ યોજાશે. ગાંધીનગર વૈષ્ણવ સમાજના પ્રમુખ શ્રી ડી.એફ. શાહે જણાવેલ છે.

## પેથાપુરના યુવકે દારૂના નશામાં ફિનાઈલની બોટલ ગટગટાવી લેતા મોત

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર નજીક પેથાપુર ગામના હરિજનવાસમાં રહેતા એક વ્યકિતએ દારૂના નશામાંચકચૂર બની ઘરમાં પડેલ ફિનાઈલ ગટગટાવી લેતા સારવાર દરમિયાન મોતને ભેટયો હતો.

ગાંધીનગર નજીક પેથાપુર ગામે આવેલા હરિજનવાસમાં રહેતા કનૈયાલાલ બુધાલાલ રાઠોડ દારૂના નશામાં ચકચુર બની પોતાના ઘરે આવ્યા હતા અને તેઓ એટલા બધા નશામાં હતા કે એકાએક વધુ નશો કરવાની લાઈમાં ઘરમાં પડેલ ફિનાઈલની બોટલ ગટગટાવી ગયા હતા. આથી આ ઘટના અંગે તેમની પત્નીને જાણ થતા તેઓને મોડી રાત્રે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં લાવ્યા હતા અને ફરજ પરના તબીબોએ સારવાર આપી હતી પરંતુ તબીબોના તમામ પ્રયત્નો નિષ્ફળ નિવડયા હતા અને આજે સવારે કનૈયાભાઈનું સારવાર દરમિયાન મોત નિપજયું હતું. પેથાપુર પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

# આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

સૂર્યોદય : ૬.૨૦

સૂર્યાસ્ત : ૭.૦૫

### તાપમાન

મહત્તમ : ૩૨.૦ ડિ.સે.

લઘુત્તમ : ૨૬.૦ ડિ.સે.

### ભેજનું પ્રમાણ

સવારે ૮૪ ટકા ● સાંજે ૭૪ ટકા

### મનોરંજન

**સિટી પલ્સ**

: સ્ક્રીન-૧ :

એક થા ટાઈગર : ૯.૩૦, ૧૨.૦૦, ૨.૩૦, ૫.૧૫, ૭.૪૫, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ : ધ એક્ષપન્ડેબલ-૨ (હિન્દી) : ૧૦.૩૦, ૩.૦૦

ધ એક્ષપન્ડેબલ-૨ (અંગ્રેજી) : ૮.૦૦

શીરીન ફરાહદ કી તો નિકલ પડી : ૧૨.૩૦, ૫.૩૦, ૧૦.૧૫

: સ્ક્રીન-૩ :

ધ એક્ષપન્ડેબલ-૨ (હિન્હી) : ૧૨.૩૦, ૫.૩૦, ૧૦.૩૦

શીરીન ફરાહદ કી તો નિકલ પડી : ૩.૧૫, ૮.૧૫

: સ્ક્રીન-૪ : એક થા ટાઈગર : ૧૦.૦૦, ૪.૩૦

શીરીન ફરાહદ કી તો નિકલ પડી : ૨.૩૦, ૭.૩૦

ગેન્સ ઓફ વાસેપુર -૨ : ૧૦.૦૦

**સિને મેક્સ**

: સ્ક્રીન-૧ :

ધ એક્ષપન્ડેબલ-૨ (હિન્હી) : ૧૦.૪૫, ૧.૧૫, ૩.૪૫, ૬.૧૫, ૮.૪૫, ૧૧.૦૦

: સ્ક્રીન-૨ :

શીરીન ફરાહદ કી તો નિકલ પડી : ૧૦.૩૦, ૧.૦૦, ૩.૩૦, ૬.૦૦, ૮.૩૦, ૧૦.૪૫

: સ્ક્રીન-૩ :

એક થા ટાઈગર : ૧૦.૦૦, ૧૨.૩૦, ૩.૦૦, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૪ :

એક થા ટાઈગર : ૯.૦૦, ૧૧.૩૦, ૨.૦૦, ૪.૩૦, ૭.૦૦, ૯.૩૦

**સૂર્યા, વાવોલ**

એક થા ટાઈગર : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

ઈન્સ્પેક્ટર અર્જુન : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

**મૂવી પ્લેક્સ, કલોલ**

: સ્ક્રીન-૧ :

એક થા ટાઈગર : ૧૦.૩૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૧૦

: સ્ક્રીન-૨ :

એક થા ટાઈગર : ૧૨.૧૫, ૩.૦૦, ૬.૦૦, ૯.૩૦

: સ્ક્રીન-૩ :

શીરીન ફરાહદ કી નિકલ પડી : ૧૦.૩૦,૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.,

**ટાઉન હોલ**

- ગુજરાત રોહિત સમાજ સંગઠન દ્વારા સન્માન સમારંભ કાર્યક્રમ સવારે ૯.૦૦ કલાકે.
- સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા ટ્રસ્ટ, ગાંધીનગર દ્વારા કૉમેડી 'ગુજજુભાઈની ગોલમાલ' નાટક રાત્રે ૯.૩૦ કલાકે.

**ધાર્મિક**

- પુરૂષોત્તમ માસ નિમિત્તે શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી, સેકટર-૨૧,ખાતે હિંડોળામાં નાવનો મનોરથ અને શૃંગારમાં ચાંદીના પલના.
- શ્રી શિવશક્તિ મંદિર, સેકટર-૨૩ ખાતે પ્રજ્ઞા પુત્રી પ્રફુલ્લાબેન ઠક્કર દ્વારા પ્રજ્ઞા પુરાણ કથા બપોરે ૨.૩૦ કલાકે.

### આપની આજ

**મેષ** : વિરોધીઓની તરફ ધ્યાન ન આપીને સ્વયં કાર્ય કરો. વિષમ પરિસ્થિતિમાં પણ ધૈર્ય બનાવી રાખવું પડશે. વ્યપારની બાબતમાં યોગ્ય નિર્ણય ન લેવાથી હાનિ થઈ શકે છે.

**વૃષભ** : માલ મિલકતના પ્રશ્નો ઉકેલાશે. રહેઠાણ સંબંધી સમસ્યા રહી શકે છે. કુટુંબમાં કોઈ સભ્યની ઉન્નતિથી સામાજિક સમ્માન વધશે.

**મિથુન** : દિવસ મધ્યમ ફળદાયી રહેશે. વ્યાપાર- વ્યવસાય પર ધ્યાન આપો. આરોગ્ય પ્રત્યેની બેદરકારી ઘાતક થઈ શકે છે. પ્રયત્નોમાં અસફળતાથી નિરાશાત્મક વિચારોને દૂર રાખો.

**કર્ક** : સ્વપ્નાઓ સાકાર થઈ શકશે. આળથી બચીને સક્રિય થઈ જવું તમારા માટે લાભકારક રહેશે. ઉપહાર મળી શકે છે. વ્યાપાર- વ્યવસાયમાં ઉન્નતિ થશે.

**સિંહ** : જોખમના કાર્યથી બચવું જોઈએ. કૌટુંબિક સમસ્યાની ચિંતા રહેશે. વ્યપારમાં અનાયાસ ખલેલ પહોંચી શકે છે. ખાન-પાનની ગડબડીથી આરોગ્ય ખરાબ થઈ શકે છે.

**કન્યા** : રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વ વધશે. કાર્યની પ્રત્યે ઉતાવળ અને બેદરકારી ન કરો. લગ્ન સંબંધી ચર્ચા ચાલશે.

**તુલા** : દિનચર્યા ખૂબ વ્યસ્ત અને વ્યવસ્થિત રહી શકશે. નોકરીમાં સ્થિતિ સુધરશે. દરેક ક્ષેત્રમાં સમ્માન મળશે. વેપાર ક્ષેત્રમાં નવી યોજનાઓથી લાભ.

**વૃશ્ચિક** : વ્યાપાર અથવા આજીવિકાના ક્ષેત્રમાં નવીન યોજનાઓનું શ્રીગણેશ થશે. આરોગ્યમાં અનુકૂળતા તમને ચિંતાઓથી મુક્ત કરશે. વિચારેલા બધા કાર્યોમાં શુભ પરિણામ પ્રાપ્ત થઈ શકે છે.

**ધન** : ઈચ્છિત કાર્ય પૂર્ણ થઈ શકશે. આરોગ્ય સારું રહી શકશે. વિલાસિતાની વસ્તુઓ ખરીદવાનો યોગ બનશે. કાર્ય કરવાની સ્થિતિમાં સુધાર અને ગુણાત્મકતા આવશે.

**મકર** : મકાન સંબંધી સમસ્યાનો સમાધાન થવાનો યોગ છે. ભૌતિક સુખ- સમૃદ્ધિ વધશે. પિતાથી વ્યવસાયિક મતભેદ થવાની આશંકા છે. કાર્યક્ષેત્રનો વિસ્તાર થશે. આરોગ્ય સારું રહેશે.

**કુંભ** : લાભનો માર્ગ ખુલ્લો થશે. આર્થિક ચિંતા જરાકમાં જ ઉકેલાઈ શકે છે. વ્યવસાયમાં વૃદ્ધિનો યોગ છે. નિર્ણય લેવામાં વિલંબ ન કરો. કાર્યની ગતિ બનાવી રાખો. જોખમના કાર્યથી બચવું.

**મીન** : યશ, ઉત્સાહમાં વધારો થશે. પ્રયાસ સાર્થક થશે. પૂર્વમાં કરેલ કાર્યોનું ફળ મળવાની શક્યતા છે.

### ચિરવિદાય

- સ્વ.મંગુબેન કેદરભાઈ મુલાડીયા(ઉ.વ. ૭૦) પ્લોટ નં. ૧૬૩૩/૧, સેકટર-૫/સી, ગાંધીનગર.
- સ્વ.સકરીબેન રસીકભાઈ વાળંદ (ઉ.વ. ૭૦) મુ.પો. હાલીસા, તા., જિ. ગાંધીનગર.